ગુજરાત જાહેર સેવા આયોગની કચેરીમાં કોમ્પ્યુટર બેઇઝ્ડ ભરતી પરીક્ષા માટે રૂ. ૦.૦૧ લાખની ટોકન જોગવાઇને વહીવટી મંજુરી આપવા બાબત.

ગુજરાત સરકાર,
સામાન્ય વહીવટ વિભાગ,
હુકમ ક્રમાંક:રસક/૧૦૨૦૧૮/૫૪૮૬૫/આર,
સચિવાલય, ગાંધીનગર
તારીખ:- /૦૪/૨૦૧૮
25 APR 2018

હુકમ :-

ગુજરાત જાહેર સેવા આયોગની કચેરીમાં કોમ્પ્યુટર બેઇઝ્ડ ભરતી પરીક્ષા માટે સન ૨૦૧૮-૧૯ ના અંદાજપત્રમાં મહેસૂલી સદરે માંગણી ક્રમાંક:૩૨, અંદાજપત્ર સદર:૨૦૫૧-૦૦-૧૦૨-૦૧ હેઠળ ચાલુ બાબત તરીકે રૂ.૦.૦૧ લાખની ટોકન જોગવાઇને નીચે જણાવ્યા મુજબની લાગુ પડતી શરતોને આધિન વહીવટી મંજુરી આપવામાં આવે છે.

૧) આ મંજુરી અન્વયે કરવાનો થતો ખર્ચ વર્ષ:૨૦૧૮-૧૯ ની અંદાજપત્રીય જોગવાઇને આધિન અને નાણાં વિભાગ દ્વારા વખતો વખત ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં કરવાનો રહેશે.

૨) પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઇ કરાવી લેવાની રહેશે.

૩) આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતાં ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઇઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

૪) આ મંજુરી અન્વયે ફાળવેલ ગ્રાંટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

૫) યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

૬) પ્રવર્તમાન યોજનાના નોર્મસમાં અને સહાયની રકમોમાં જો કોઇ ફેરફાર કરવાનો થતો હોય તો તે અંગે રાજ્ય સરકારના આદેશો મેળવી લેવાના રહેશે.

Scanned by CamScanner

૨. પ્રસ્તુત હુકમો આ વિભાગની સમાનાંકી ફાઇલ ઉપર નાણાં સલાહકારશ્રીની તા.૧૯/૦૪/૨૦૧૮ ની નોંધ અન્વયે મળેલ અનુમતિ અનુસાર કરવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રી અને તેમના નામે,

(ડી.કે.જોષી)
ઉપસચિવ
સામાન્ય વહીવટ વિભાગ
ગુજરાત સરકાર

નકલ રવાના:-

- સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડની કચેરીની બાજુમાં, સેકટર- ૧૦-એ, છ રોડ,ગાંધીનગર.
- નાણાં સલાહકારશ્રી, (સા.વ.વિ.) સચિવાલય, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.
- નિવાસી તપાસણી અધિકારીશ્રી, ગાંધીનગર.
- જીલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.
- સેકશન અધિકારીશ્રી (લ શાખા ) સા.વ.વિ. સચિવલાય, ગાંધીનગર.
- સિલેક્ટ ફાઇલ.
- નાયબ સેકશન અધિકારી, સિલેક્ટ ફાઇલ.

Scanned by CamScanner